**કેન્દ્ર સરકાર પાસે વેરાઓમાં લેવાની રકમ બાબત**

***15/4/2270 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા**(પોરબંદર) **: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસે ક્યા પ્રકારના વેરાઓ સામે કેટલી રકમ લેવાની નીકળે છે, | (૧) રાજ્ય સરકારે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર પાસેથી જીએસટી વળતર પેટે રૂ.૧૬૭૨.૩૫ કરોડ લેવાના બાકી છે. |
| (૨) ઉક્ત રકમ પૈકી વેરાવાર કેટલી રકમ વિવાદિત અને કેટલી રકમ બિન-વિવાદિત છે, | (૨) ઉક્ત રકમ પૈકી કોઇપણ રકમ વિવાદિત નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રકમ મેળવવા શા પ્રયાસો કરવામાં આવ્યા, અને | (૩) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ-૭ની જોગવાઇ મુજબ એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા આવકનું ઓડીટ પ્રમાણપત્ર સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં, રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે. |
| (૪) તે અન્વયે કેટલી રકમ ક્યારે મળી ? | (૪) ઉક્ત રકમ હાલની સ્થિતિએ બાકી છે. |

-----------------